ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# અનુસ્નાતક કક્ષાના અધ્યેતાઓમાં અનુકૂલન સમસ્યાનો અભ્યાસ

કારેલિયા અશ્મિ

સારાંશ

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ અનુસ્નાતક કક્ષાના અધ્યેતાઓમાં અનુકૂલન સમસ્યાનો અભ્યાસ જાણવાનો હતો. નમૂના તરીકે રાજકોટ જિલ્લાની કોલેજોના અનુસ્નાતકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે માટે તૈયાર ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરીને અનુકૂલન સંશોધનિકાનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરવામાં આવી હતી. શતમાન પદ્ધતિ દ્વારા માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેના તારણો મુજબ છોકરાઓ અનુકૂલન સમસ્યાઓ પ્રત્યેય વધુ ઝોક ધરાવતા હતા. પ્રસ્તુત કાર્યક્રમ અંતર્ગત શહેરી અને ગ્રામ્ય વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતા અનુસ્નાતક અધ્યેતાઓના પ્રતિચારો સમાન ન હતા. શહેરી વિસ્તારના અનુસ્નાતક અધ્યેતાઓ અનુકૂલન સમસ્યાઓ પ્રત્યેય વધુ ઝોક ધરાવતા હતા.

૧.૦ પ્રાસ્તાવિક

કોઇપણ રાષ્ટ્રના વિકાસની પ્રગતિનો આધાર શિક્ષણ પર રહેલો છે. સમયાંતરે આવતા પરિવર્તનોની સાથોસાથ શિક્ષણમાં પણ દિવસે દિવસે નવીનીકરણ લાવવા માટેના પ્રયત્નો થઇ રહ્યા છે. આ પ્રયત્નોના ભાગરૂપે અધ્યેતાઓની સમસ્યાઓ જાણવી જરૂરી છે. જેનો એક પ્રયાસ એ પ્રસ્તુત અભ્યાસનો હેતુ હતો.

૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસ આ પ્રમાણેના હેતુઓ અનુસાર હાથ ધરવામાં આવ્યો હતો.

૧. અનુકૂલન સંશોધનિકા દ્વારા અનુસ્નાતક અધ્યેતાઓના પ્રતિચારો તપાસવા.

૨. અનુકૂલન સંશોધનિકા દ્વારા અનુસ્નાતક અધ્યેતાઓના પ્રતિચારોનું પૃથક્કરણ કરવું

૩.૦ સંશોધન ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસ અતંર્ગત રાજકોટ જિલ્લાની વિવિધ ઉચ્ચ વિદ્યાશાખાઓના અધ્યેતાઓના અનુકૂલન સંશોધનિકા દ્વારા અનુકૂલન સમસ્યાઓને જાણવાનો પ્રયાસ કર્યો હતો જેથી કહી શકાય કે, સંશોધનનું ક્ષેત્ર 'ઉચ્ચ-શિક્ષણ'નું હતું.

૪.૦ સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોધનના ગુણ, લક્ષણો જોતા તેને વ્યવહારુ સંશોધન તરીકે સ્વીકારેલું હતું તથા પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા સંખ્યાત્મક માહિતી મેળવવામાં આવી હતી. આ દ્રષ્ટિએ પ્રસ્તુત અભ્યાસનો સંખ્યાત્મક સંશોધનમાં પણ સમાવેશ કરી શકાય.

૫.૦ અભ્યાસના પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસના પશ્નો આ પ્રમાણે હતા.

૧. અનુકૂલન સમસ્યાઓના પ્રતિચારોમાં છોકરા અને છોકરીઓના સરેરાશ પ્રતિચારો વચ્ચે શું તફાવત હશે?

૨. અનુકૂલન સમસ્યાઓના પ્રતિચારોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના અધ્યેતાઓના સરેરાશ પ્રતિચારો વચ્ચે શું તફાવત હશે?

૬.૦ પદોની વ્યવહારુ વ્યાખ્યા

પ્રયોજક પોતાના સંશોધનમાં આવરેલ ચલો તેમજ મુખ્ય પદોની વ્યવહારુ વ્યાખ્યા કહે છે. પ્રસ્તુત અભ્યાસમાં

લેવાયેલ કેટલાક વિશિષ્ટ પદો જે અર્થમાં વપરાયા હતા તે સ્પષ્ટ આ પ્રમાણે છે.

અનુસ્નાતક કક્ષાના અધ્યેતાઓ

ઉચ્ચ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતા અધ્યેતાઓ

અનુકૂલન

"અનુકૂલન પ્રક્રિયા અને સ્થિતિ બન્ને છે. વ્યક્તિ પોતાની જાત અને વાતાવરણ વચ્ચે સુસંવાદિત સંબંધ ઉત્પન્ન કરવાના ઉદ્દેશ્યથી પોતાના વર્તનમાં જે પરિવર્તન લાવે છે તેવા પ્રકારની સતત ચાલતી પ્રક્રિયાને અનુકૂલન કહી શકાય."

૭.૦ અભ્યાસનું અગત્ય

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ આ મુજબ આંકી શકાય.

૧. પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત ઉપકરણ તરીકે અધ્યેતાઓ પાસેથી પ્રતિચારો મેળવવા સંશોધનિકાના પ્રતિચારોના તારણો મદદરૂપ થશે.

૨. આ ક્ષેત્રે ભવિષ્યમાં સંશોધનો કરવા માગતા સંશોધકોને સંદર્ભ તરીકે ઉપયોગી બનશે.

3. પ્રસ્તુત અભ્યાસ અંગેના અધ્યેતાઓના પ્રતિચારો જાણી શકાશે.

૮.૦ અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસમાં આ પ્રમાણેની મર્યાદાઓનો સ્વીકાર કરવામાં આવેલો હતો.

૧. પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે રાજકોટ જિલ્લાની ઉચ્ચ વિદ્યાશાખાઓના અધ્યેતાઓનો જ સમાવેશ

કરવામાં આવ્યો હતો.

૨. પ્રસ્તુત સંશોધનમાં રાજકોટ જિલ્લાની ઉચ્ચ વિદ્યાશાખાઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

૯.૦ વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે રાજકોટ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. રાજકોટ જિલ્લાની ૬૭ ઉચ્ચ વિદ્યાશાખાઓમાંથી ૬૦૪ કુમાર અને ૬૦૪ કન્યાઓને નમૂના તરીકે રાખી પસંદગી પદ્ધતિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

૧૦.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકનો હેતુ અનુસ્નાતક કક્ષાના અધ્યેતાઓની અનુકૂલનને લગતી સમસ્યાઓ જાણવાનો હતો. તેથી પ્રયોજકે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિની પેટા પદ્ધતિઓ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરેલો હતો.

VIDHYAYANA

૧૧.૦ ઉપકરણ સંરચના

સંશોધનના હેતુઓને અનુરૂપ પ્રસ્તુત અભ્યાસ અંગેના અધ્યેતાઓના પ્રતિચારો જાણવા પ્રયોજક દ્વારા તૈયાર ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧૨.૦ માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ પ્રસ્તુત અભ્યાસ અંગેના અધ્યેતાઓના પ્રતિચારો જાણવાનો હતો. આથી પ્રયોજકે અનુકૂલન સંશોધનિકાનો ઉપયોગ કર્યો હતો.

માહિતી એકત્રીકરણ માટે પ્રયોજકે સર્વ પ્રથમ નમૂનામાં સમાવિષ્ટ ઉચ્ચ વિદ્યાશાખાઓના આચાર્યશ્રીઓની

પૂર્વમંજૂરી લઇ માહિતી એકત્રીકરણ માટે સમય મેળવેલ હતો.

૧૩.૦ માહિતી પૃથક્કરણ

પ્રયોજકનો હેતુ પ્રસ્તુત અભ્યાસના અંગેના અધ્યેતાઓના પ્રતિચારો જાણવાનો હતો. જે માટે શતમાન પદ્ધતિનો ઉપયોગ કરીને માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેનું બે વિભાગમાં પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

અનુકૂલન સંશોધિની

| ક્રમ | વિગત | હા | ના |
|---|---|---|---|
| ૦૧ | તમે વર્ગખંડમાં આગળની બેઠક પર બેસવા ઇચ્છો છો? | | |
| ૦૨ | અધ્યાપનકાર્ય દરમ્યાન તમારું ધ્યાન તેમાં જ રાખી શકો છો? | | |
| ૦૩ | અધ્યાપનકાર્ય દરમ્યાન ઘરના, મિત્રોના કે વડીલોના વિચારો તમને આવ્યા કરે છે? | | |
| ૦૪ | વિવિધ કાર્યક્રમોમાં નેતાગીરી લેવી તમને ગમે છે? | | |
| ૦૫ | સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તમે ભાગ લેવાનું પસંદ કરો છો? | | |
| ૦૬ | કોલેજમાંથી યોજાતા પ્રવાસમાં જોડાવું તમને ગમે છે? | | |
| ૦૭ | તમારા સહાધ્યાયીઓ સાથે સહજતાથી ભળી શકો છો? | | |
| ૦૮ | તમને અભ્યાસમાં ન સમજાતી બાબતોથી માનસિક તાણ અનુભવો છો? | | |
| ૦૯ | તમે તમારા સહાધ્યાયી મિત્રોને અભ્યાસગત સહાય કરો છો? | | |
| ૧૦ | કોલેજમાંથી અપાયેલું પ્રોજેક્ટ કાર્ય તમે ઉત્સાહ તેમજ ખંતથી કરો છો? | | |
| ૧૧ | કોલેજમાં લેવાતા બધા જ તાસ ભરવા ગમે છે? | | |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | તમારા અધ્યાપકો વિનાકારણે તમને ખીજાઇ છે? | | |
| ૧૩ | નવરાશના સમયે તમને ખરાબ વિચારો આવે છે? | | |
| ૧૪ | તમને એકાંકી રહેવું ગમે છે? | | |
| ૧૫ | વ્યાયામની વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેવો તમને ગમે છે? | | |
| ૧૬ | રાત્રે તમે શાંતિથી ઊંઘી શકો છો? | | |
| ૧૭ | તમારા શારીરિક દેખાવને કારણે તમે શરમ અનુભવો છો? | | |
| ૧૮ | તમે શ્રમ-કાર્યથી દૂર રહેવાનું પસંદ કરો છો? | | |
| ૧૯ | તમે સંવેદનશીલ પ્રકૃતિ ધરાવો છો? | | |
| ૨૦ | તમે વારંવાર ગુસ્સે થઇ જાઓ છો? | | |
| ૨૧ | અન્યને મદદરૂપ થવાનું તમને ગમે છે? | | |
| ૨૨ | ઘરના વડીલો તમને વારંવાર ટોક્યા કરતા હોય એવું લાગે છે? | | |
| ૨૩ | દુઃખદ સમાચાર સાંભળી તમે વેદના અનુભવો છો? | | |
| ૨૪ | તમારું અપમાન થાય ત્યારે તમે અસ્વસ્થ બની જાઓ છો? | | |
| ૨૫ | અન્યને ચીડવવાથી તમને આનંદ મળે છે? | | |
| ૨૬ | નવા વાતાવરણમાં જવાનું થાય ત્યારે તમે ચિંતા અનુભવો છો? | | |
| ૨૭ | નાની-નાની બાબતોમાં ઘરના સભ્યો સાથે તમે ઝગડો છો? | | |
| ૨૮ | તમારો સ્વભાવ શરમાળ છે? | | |
| ૨૯ | તમે વિજાતીય આકર્ષણ અનુભવો છો? | | |
| ૩૦ | તમે અન્ય સાથે સહેલાઓથી મિત્રતા બાંધી શકો છો? | | |

૧૧.૦ ઉપકરણ સંરચના

સંશોધનના હેતુઓને અનુરૂપ પ્રસ્તુત અભ્યાસ અંગેના અધ્યેતાઓના પ્રતિચારો જાણવા પ્રયોજક દ્વારા તૈયાર ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧૨.૦ માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ પ્રસ્તુત અભ્યાસ અંગેના અધ્યતાઓના પ્રતિચારો જાણવાનો હતો આથી પ્રયોજકે અનુકૂલન સંશોધનિકાનો ઉપયોગ કર્યો હતો.

માહિતી એકત્રીકરણ માટે પ્રયોજકે સર્વ પ્રથમ નમૂનામાં સમાવિષ્ટ ઉચ્ચ વિદ્યાશાખાઓના આચાર્યશ્રીઓની પૂર્વમંજૂરી લઇ માહિતી એકત્રીકરણ માટે સમય મેળવેલ હતો.

૧૩.૦ માહિતી પૃથક્કરણ

પ્રયોજકનો હેતુ પ્રસ્તુત અભ્યાસના અંગેના અધ્યેતાઓના પ્રતિચારો જાણવાનો હતો. જે માટે શતમાન પદ્ધતિનો ઉપયોગ કરીને માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેનું બે વિભાગમાં પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

સારણી – ૧નો અભ્યાસ કરતા જણાય છે કે અધ્યેતાઓએ આપેલા પ્રતિચારોને મળેલ શતમાનના આધારે ચકાસવામાં આવ્યા હતા.

વિધાનો ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ માટેના પ્રતિચારો હકારાત્મક જોવા મળ્યા હતા. જ્યારે વિધાનો ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૨૨ માટેના પ્રતિચારો નકારાત્મક જોવા મળ્યા હતા.

આમ, કુલ ૩૦ વિધાનોમાંથી ૧૯ વિધાનોમાં હકારાત્મક અને ૧૧ વિધાનોમાં નકારાત્મક પ્રતિચારો મળ્યા હતા.

VIDHYAYANA

જેનું શતમાન અનુક્રમે ૫૭.૩૧% અને ૪૨.૬૯% હતું.

પ્રયોજકે સંશોધનિકા દ્વારા શહેરી અને ગ્રામ્ય ઉચ્ચ વિદ્યાશાખાઓના અધ્યેતાઓ પાસેથી પ્રતિચારો મેળવ્યા હતા. મેળવેલ પ્રતિચારોનું શતમાન દ્વારા કુલ બે વિભાગોમાં પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

૧. જાતિયતા અનુસાર અધ્યેતાઓના પ્રતિચારોનું પૃથક્કરણ

૨. વિસ્તાર અનુસાર અધ્યેતાઓના પ્રતિચારોનું પૃથક્કરણ

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ અંગેના પ્રતિચારો જાણવા માટે અભ્યાસ હાથ ધર્યો હતો તેમાં જાતિયતા અનુસાર શું તફાવત હશે? તે જાણવાનો પ્રયત્ન કર્યો હતો.

પ્રશ્ન ૧. પ્રસ્તુત અભ્યાસ અંગેની વિવિધ ઉચ્ચ વિદ્યાશાખાઓના અધ્યેતાઓ છોકરા અને છોકરીઓના સરેરાશ પ્રતિચારો વચ્ચે શું તફાવત હશે?

નિદર્શમાં સમાવિષ્ટ ૬૦૪ છોકરાઓ અને ૬૦૪ છોકરીઓના પ્રતિચારો શું હશે તે જાણવા માટે બન્ને જુથના પાત્રોના મળેલા પ્રતિચારોને આધારે શતમાન શોધવામાં આવ્યું હતું. જેની વિગતવાર રજૂઆત સારણી-૨માં કરેલ છે.

સારણી – ૨

જાતિયતા અનુસાર અધ્યેતાઓની સંખ્યા, પ્રતિચારોની સંખ્યા અને શતમાન

સારણી – ૨

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રતિચારની સંખ્યા | | શતમાન | |
|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના |
| ૦૧ | કિશોર | ૬૦૪ | ૧૪૩૩ | ૭૮૭ | ૬૪.૫૫ | ૩૫.૪૫ |
| ૦૨ | કિશોરી | ૬૦૪ | ૮૭૧ | ૯૨૯ | ૪૮.૩૯ | ૫૬.૩૬ |

સારણી – ૨નો અભ્યાસ કરતા જણાય છે કે, અધ્યેતાઓની કુલ ૧૨૦૮ સંખ્યા હતી. જેમાં કિશોર ૬૦૪ અને કિશોરી ૬૦૪ હતી. કિશોર અને કિશોરી પ્રતિચારોનું શતમાન અનુક્રમે ૬૪.૫૫% અને ૪૮.૬૯% હતું અને નકારાત્મક પ્રતિચારોનું શતમાન અનુક્રમે ૩૫.૪૫% અને ૫૧.૬૧% હતું.

આ પરથી કહી શકાય કે, કિશોરો કરતા કિશોરીના પ્રતિચારો વધારે હકારાત્મક હતા.

પ્રશ્ન -૨. પ્રસ્તુત અભ્યાસમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારની ઉચ્ચ વિદ્યાશાખામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારની ઉચ્ચ વિદ્યાશાખાઓના અધ્યેતાઓના સરેરાશ પ્રતિચારો વચ્ચે શું તફાવત હશે? તે જાણવા પ્રશ્ન -૨ની રચના કરી હતી.

નિદર્શમાં સમાવિષ્ટ ૫૦ શહેરી અને ૧૭ ગ્રામ્ય વિસ્તારની વિદ્યાશાખાઓના અધ્યેતાઓના પ્રસ્તુત અભ્યાસ અંગેના પ્રતિચારો શું હશે? તે જાણવા બન્ને જૂથના પાત્રોના મળેલા પ્રતિચારો આધારે શતમાન શોધવામાં આવ્યું હતું. જેની વિગતવાર રજૂઆત સારણી – ૩માં કરેલ છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

સારણી – ૩

| ક્રમ | જૂથ | સંખ્યા | પ્રતિચારની સંખ્યા | | શતમાન | |
|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના |
| ૦૧ | કિશોર | ૩૭ | ૧૪૩૩ | ૭૮૭ | ૬૪.૫૫ | ૩૫.૪૫ |
| ૦૨ | કિશોરી | ૩૦ | ૮૭૧ | ૯૨૯ | ૪૮.૩૯ | ૫૧.૬૧ |

સારણી – ૩નો અભ્યાસ કરતા જણાય છે કે, શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારના અધ્યેતાઓના હકારાત્મક પ્રતિચારોનું શતમાન અનુક્રમે ૬૪.૨૩% અને ૩૬.૯૭% હતું અને નકારાત્મક પ્રતિચારોનું શતમાન અનુક્રમે ૩૫.૭૭% અને ૬૩.૦૪% હતું.

આ પરથી કહી શકાય કે, ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારના અધ્યેતાઓના અભ્યાસ પ્રત્યેના પ્રતિચારો વધારે હકારાત્મક હતા.

VIDHYAYANA

૧૪.૦ અભ્યાસના તારણો

૧. પ્રસ્તુત અભ્યાસમાં આ પ્રમાણેના તારણો મળ્યા હતા.

૨. પ્રસ્તુત અભ્યાસ અંગેના કિશોર અને કિશોરીના અધ્યેતાઓના પ્રતિચારો સમાન ન હતા. એટલે કિશોર કરતા કિશોરીઓના પ્રતિચારો વધુ ઝોક ધરાવતા હતા.

૨. પ્રસ્તુત અભ્યાસ અંગેના ગ્રામ્ય અને શહેરી અધ્યેતાઓના પ્રતિચારો સમાન ન હતા એટલે શહેરી વિસ્તારના અધ્યેતાઓ કરતા ગ્રામ્ય વિસ્તારના અધ્યેતાઓના પ્રતિચારો વધુ ઝોક ધરાવતા હતા.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

१५.० संदर्भ सुचि

ઉચાટ, ડી. એ. (૨૦૧૨), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, (દ્વિતિય આવૃતિ) રાજકોટ, પારસ પ્રકાશન

શાહ દીપીકા બી. (૨૦૦૪) શૈક્ષણિક સંશોધન, અમદાવાદ યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

મોલિયામ એમ. એસ. (૨૦૦૦) શૈક્ષણિક સંશોધન ક્ષેત્રો, રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી